RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 7 * Issue No. 316* Date: 13.09.2021 Monday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

## ગુજરાત રાજકારણમાં પાટીદાર ફેક્ટર જોરદાર ચાલ્યું : નવા સીએમ પટેલ

# ગુજરાતના નવા મુખ્યમંત્રી તરીકે ભૂપેન્દ્ર પટેલ



અમદાવાદ, તા.૧૨

ચુંટણીઓ પહેલા જ ગુજરાતના સીએમે રાજીનામું આપતા તમામ રાજકીય પક્ષોમાં ચર્ચાઓ જોવા મળી હતી ત્યાર બાદ ગુજરાતના નવા મુખ્યમંત્રી કોણ હશે તેને લઈને ચર્ચાઓ ચાલી રહી હતી તે આજે પુર્ણ થઈ છે , ગુજરાતના નવા મુખ્યમંત્રી તરીકે નવો જ ચહેરો અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના ચેરમેન (ઔડાના ચેરમેન) રહી ચુકેલા એવા ભુપેન્દ્રભાઈ પટેલને નીયુક્ત કરવામાં આવ્યા છે. નવા મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ આનંદીબેન પટેલના ખાસ માનવામાં આવી રહ્યા છે અને તે ખૂબ જ કાર્યશીલ છે અને તેમાં પણ ગુજરાત ના મુખ્યમંત્રીની વાત હોય તો પાટીદાર જ હોય તેવી ચર્ચાઓ વચ્ચે કોઈ પાટિદાર ચહેરો ઊભો કરવામાં આવ્યો પરંતુ તમામ રાજકીય પક્ષોના વિચારોની ક્ષમતા થી ઉપર રહીને ગુજરાત રાજ્યના નવા મુખ્યમંત્રી લેવામાં આવ્યા છે. નવા મુખ્યમંત્રી પટેલ હોવાના કારણે ડેપ્યુટી સીએમ તરીકે નિતીન પટેલ ન હોઈ શકે કેમ કે બે પટેલને સીએમ અને ડેપ્યુટી સીએમ ની પદ ન મળી શકે તેથી નિતિનભાઈ પટેલનું પત્તુ કપાઈ ગયું. શનિવારના રોજ વિજય રૂપાણી દ્વારા એકાએક રાજીનામુ આપી દેતા ગુજરાત રાજકારણમાં ભુકંપ આવી ગયો હતો ત્યારબાદ ચર્ચાઓ વિચારણાઓ લોકોની અફવાઓ તેમજ નવા સીએમ તરીકે અવનવા નામોની જાહેરાતો થયા કરતી હતી વોટ્સઅપ ફેસબુક તેમજ અનેક સોશિયલ મિડીયા પર ગુજરાતના મુખ્યમંત્રી કોણ બનશે કોનું કેવું પ્રભુત્વ છે કોણ કદ કયું છે કોણે કેટલું કાર્ય કરેલ છે. તેવી અવનવી વાતો સાથે પોત પોતાના નેતાઓને હિરો બનાવી ને પીરસાવવામાં આવ્યા હતા અને ત્યારબાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદી તેમજ ગૃહમંત્રી અમિત શાહ દ્વારા કંઈક હટકે એવો નવો જ ચહેરો લાવી ને મુકી દેતા લોકો સ્તબ્ધ રહી ગયા હતા. ગુજરાતના પ્રદેશ અધ્યક્ષ સી.આર પાટીલના નિવાસસ્થાન પર બેઠક બાદ નેતાઓ કમલમ ખાતે પહોંચ્યા હતા. ભાજપના કાર્યાલય કમલમ પર સવારથી હલચલ વચ્ચે પોલીસની લગભગ ૨૦થી વધારે ગાડીઓ તૈનાત કરવામાં આવી હતી. વિજય રૂપાણીના મુખ્યમંત્રી પદેથી અચાનક રાજીનામાં બાદ આજે નવા મુખ્યમંત્રી તરીકે ભૂપેન્દ્ર પટેલનું નામ જાહેર કરવામાં આવ્યું છે. આ પહેલા કોર કમિટીની બેઠક પૂરી થઈ ગઈ છે. હવે ધારાસભ્ય દળની બેઠકમાં રાજ્યના નવા મુખ્ય મંત્રીનું નામ જાહેર કરાયું હતું. મુખ્યમંત્રી નક્કી કરવા માટે કેન્દ્રમાંથી બે નિરીક્ષક મોકલવામાં આવ્યા હતા. જેમાં આજે સવારે કેન્દ્રીય મંત્રી નરેન્દ્રસિંહ તોમર અને પ્રહલાદ જોશી ગાંધીનગર પહોંચી ગયા હતા. સાથે જ કાર્યકારી મુખ્યમંત્રી વિજય રૂપાણી, કાર્યકારી નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ તેમજ સીઆર પાટીલ કમલમ્ પહોંચ્યા હતા. ગુજરાત પ્રભારી ભુપેન્દ્ર યાદવ અને સંગઠનમંત્રી રત્નાકર સહિતના નેતાઓ કમલમ ખાતે પહોંચ્યા હતા. કોર કમિટીની બેઠક શરૂ થઈ ગઈ છે. ધારાસભ્યોની બેઠક શરૂ થઈ હતી. બેઠક પૂર્ણ થયા બાદ આનંદીબેન પટેલના વિશ્વાસુ એવા ભૂપેન્દ્ર પટેલને ગુજરાતના નવા મુખ્યમંત્રી બનાવવામાં આવ્યા છે. ગાંધીનગર પ્રદેશ કાર્યાલય કમલમ ખાતે ચૂસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. બહારથી આવતા તમામ લોકોનું સઘન ચેકીંગ કરીને જ પ્રવેશ આપવામાં આવી રહ્યો છે. કમલમ ખાતે અત્યારે મીડીયા કર્મીઓનો જ જમાવડો દેખાઈ રહ્યો છે. ભાજપના એક પણ નેતા કમલમ ખાતે હાજર નથી માત્ર પ્રવકતા જ કમલમ ખાતે હાજર છે. મુખ્યમંત્રીની જાહેરાત માટેની તૈયારીના ભાગ રૂપે શુભેચ્છા પાઠવવા બુકે પણ મંગાવવામાં આવ્યા છે, જે કેટલાક લોકો લઈને કમલમ્ આવી રહ્યા છે. જયારે કેન્દ્રીય મંત્રી પ્રહલાદ જોશી પણ આજે ગુજરાત પહોંચી ગયા છે. વિજય રૂપાણીના રાજીનામાં બાદ આજે ભાજપના ધારાસભ્ય દળની બેઠક બોલાવાઈ છે, જેમાં તમામ ધારાસભ્યોને હાજર રહેવા માટે સૂચના અગાઉથી આપી દેવામાં આવી છે. બેઠક બાદ ભાજપ તરફથી ગુજરાતના નવા મુખ્યમંત્રીના નામની જાહેરાત કરવામાં આવશે. રૂપાણીના રાજીનામા બાદ પાટીદાર નેતા અને કેન્દ્રીય મંત્ર મનસુખ માંડવિયા ગુજરાતના નવા સીએમ બને એવી વાતો વહેતી થઈ હતી. જોકે શનિવાર સાંજ સુધીમાં ભાજપે બાજી ફરેવી છે. વિશ્વાસપાત્ર વર્તુળોના જણાવ્યા મુજબ દીવ, દમણ અને દાદરા નગર હવેલીના એડમિનીસ્ટ્રેટર પ્રફુલ્લ પટેલ ઝસ્પદ માટે હુકમનો એક્કો બનશે. જયારે નીતિન પટેલ અને ગોરધન ઝડફિયાનું નામ પણ આ લિસ્ટમાં ચર્ચા રહ્યું છે. એવામાં હવે જોવાનું રહેશે કે પાર્ટી આ ચારમાંથી કોઈને ઝસ બનાવે છે અથવા કોઈ નવો જ ચહેરો પ્રજા સમક્ષ લાવશે. વિજય રૂપાણીના રાજીનામા બાદ ઝસ્ના પદ માટે કેટલાક નામોમાં સી.આર પાટીલનું નામ પણ સામે આવ્યું હતું. જેના પર પાટીલે સ્પષ્ટતા કરતાં કહ્યું હતું કે, મુખ્યમંત્રી રૂપાણીના રાજીનામા બાદ કેટલાક નામો મુખ્યમંત્રીના પદ માટે હાલમાં ચર્ચામાં આવ્યાં છે. જેમાં એક નામ મારુ પણ ચર્ચાઈ રહ્યું છે. ત્યારે મારે સ્પષ્ટતા કરતાં કહેવું છે કે હું મુખ્યમંત્રી પદની રેસમાં નથી. પાર્ટી જેને પણ મુખ્યમંત્રી બનાવશે તેની સાથે તેમજ વિજયભાઈની સાથે રહીને આગામી ૨૦૨૨ની વિધાનસભાની ચૂંટણીમાં પક્ષ દ્વારા નક્કી કરવામાં આવેલો ૧૮૨ સીટો મેળવવાનો ટાર્ગેટ પુરો કરીશું.

## ચીને લદાખમાં દિલ્હી જેટલા વિસ્તાર પર અતિક્રમણ કર્યું : રાહુલ ગાંધી

નવી દિલ્હી , તા.૧૨

૨૦૦૮ના મુંબઈ હુમલાને યાદ કરતા રાહુલ ગાંધીએ કહ્યું કે, ૨૬ સપ્ટેમ્બરના રોજ થયેલા હુમલા બાદ મીડિયાએ વડાપ્રધાન મનમોહન સિંહને બેકાર ઠેરવી દીધા હતા પરંતુ પુલવામા હુમલા બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને નિર્ભીક ગણાવવામાં આવ્યા. જે દિવસે આપણે સીધા લોકો સુધી પહોંચવાનું શરૂ કરી દઈશું તે દિવસે મીડિયા બેકાર થઈ જશે. આટલેથી જ ન અટકતાં, રાહુલ ગાંધીએ મીડિયા પર હુમલો કરતા કહ્યું કે, આઝાદી પહેલા સ્વતંત્રતા આંદોલન દરમિયાન સમાચાર પત્ર બ્રિટિશ સરકારનું સમર્થન કરતા હતા જેવી રીતે આજની સરકારનું કરી રહ્યા છે. મીડિયાનો એક વર્ગ તે સમયે મહાત્મા ગાંધીની સતત ટીકા કરતો હતો. કોંગ્રેસી નેતા રાહુલ ગાંધીએ



પાર્ટીના છાત્ર એકમ NSUIના સદસ્યો સાથેની મુલાકાત દરમિયાન એવો આરોપ લગાવ્યો હતો કે, ચીને લદાખમાં રાષ્ટ્રીય રાજધાની દિલ્હી જેટલા મોટા ભૂખંડ પર અતિક્રમણ કરી લીધું છે. જાણવા મળ્યા મુજબ કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષે એવો આરોપ પણ લગાવ્યો હતો કે, મીડિયા ભાજપ સરકારની કાર્યવાહી પર ચુપકિદી સાધી રહ્યું છે અને કોંગ્રેસના નેતૃત્વવાળી સંયુક્ત પ્રગતિશીલ ગઠબંધન (સંપ્રગ) સરકારની ટીકા કરતું હતું. રાહુલ ગાંધીએ NSUIના નેતાઓને સંબોધિત કરતા કહ્યું હતું કે, ચીને લદાખમાં ભારતના દિલ્હી જેટલા મોટા ભૂખંડ પર અતિક્રમણ કરી લીધું છે. જો સંપ્રગ સરકારના શાસન દરમિયાન આવું બનતું તો મીડિયા ૨૪ કલાક તેની ટીકા કરેત. મીડિયાએ એમ કહ્યું હતું કે, સંપ્રગ સરકારે દેશને બરબાદ કરી નાખ્યો પરંતુ આજે તે ચુપ છે.

## ભારતે તાલિબાનની સરકારને સમર્થન આપવાનું ઈનકાર કર્યો

નવી દિલ્હી, તા.૧૨

તાલિબાનોએ નવી સરકારની રચના કરવાની સાથે અસલી ચહેરો બતાવવું શરૂ કરી દીધું છે. ક્રૂર તાલિબાનોએ એક અફઘાન સૈનિકનો માથું કાપતો ૩૦ સેકન્ડનો એક વીડિયો તેના ખાનગી ચેટ રૂમમાં શૅર કર્યો હતો. જોકે, આ વીડિયો ક્યાંનો અને કયા સમયનો છે તે સ્પષ્ટ થઈ શક્યું નથી. પરંતુ તાલિબાનો સત્તા પર આવતાં જ જૂની સરકારના અધિકારીઓ અને જવાનો સામે બદલાની નીતિથી કામ કરી શકે છે તેવી સંયુક્ત રાષ્ટ્રની આશંકા સાચી પડી રહી છે. તેનો વધુ એક બોલતો પુરાવો અફઘાનિસ્તાનના ભૂતપૂર્વ ઉપરાષ્ટ્રપતિ અમરુલ્લાહ સાલેહના ભાઈ રોહુલ્લાહ સાલેહની હત્યા છે.

તાલિબાનોએ અમરુલ્લાહ સામે બદલો લેવા માટે તેમના ભાઈની હત્યા કરી દીધી. વધુમાં તાલિબાની શાસન શરૂ થતાં જ



અફઘાનિસ્તાનમાં મહિલાઓ પર કોરડા વિંઝવાનું શરૂ થઈ ગયું છે.અફઘાનિસ્તાનમાં તાલિબાનોએ વીજળીક ઝડપે કાબુલ કબજે કર્યા પછી લગભગ એક મહિનાથી ભારતે ‘થોભો અને રાહ જૂઓ‘ની નીતિ અપનાવી હતી.

જોકે, અંતે શનિવારે વિદેશ મંત્રી એસ. જયશંકરે અફઘાનિસ્તાનમાં તાલિબાનની સરકારને સમર્થનનો સ્પષ્ટ ઈનકાર કરી દીધો હતો અને કહ્યું હતું કે અફઘાનિસ્તાનમાં વર્તમાન વચગાળાની સરકારને તેઓ એક વ્યવસ્થાથી વધારે કશું જ માનતા નથી. બીજીબાજુ સંયુક્ત રાષ્ટ્રના મહાસચિવ એન્ટોનિઓ ગુટરેસે ભારપૂર્વક કહ્યું કે અફઘાનિસ્તાનમાં તાલિબાનોના વિજયથી દુનિયામાં અન્ય સ્થળો પર પણ આતંકી જૂથોને પ્રોત્સાહન મળશે. તેમણે વૈશ્વિક આતંકવાદ મુદ્દે પણ ચર્ચા કરી હતી. વિદેશ મંત્રી એસ. જયશંકરે શનિવારે જણાવ્યું હતું કે, ભારત તાલિબાનની નવી સરકારને એક વ્યવસ્થાથી વધારે કશું જ માનતો નથી અને તેમાં પણ બધા વર્ગનો સમાવેશ કરાયો નથી, જે ચિંતાજનક બાબત છે. આ ઉપરાંત ભારતે અફઘાનિસ્તાનમાં મહિલાઓ અને લઘુમતીઓની સ્થિતિ અંગે પણ ચિંતા વ્યક્ત કરી હતી. તેમણે કહ્યું કે અફઘાનિસ્તાનની જમીનનો દુનિયામાં અન્ય દેશોમાં આતંકવાદ માટે થવો ન જોઈએ. અમેરિકામાં ૯/૧૧ હુમલાની ૨૦મી વરસી છે. આ હુમલો યાદ અપાવે છે કે અમે આતંકવાદ વિરોધી લડાઈમાં કોઈપણ સમજૂતી નહીં કરીએ. વૈશ્વિક આતંકવાદનું કેન્દ્ર અમારી નજીક હોવાથી પણ અમે તાલિબાનોને સમર્થન આપી શકીએ નહીં.

સંયુક્ત રાષ્ટ્રના મહાસચિવ એન્ટોનિઓ ગુટરેસે પણ ચેતવણીના સૂરમાં કહ્યું હતું કે અફઘાનિસ્તાનમાં તાલિબાનોના વિજયથી દુનિયાના અન્ય ભાગોમાં અન્ય આતંકી જૂથોને પ્રોત્સાહન મળશે. આ સાથે તેમણે વૈશ્વિક આતંકવાદ વકરવા અંગે પણ ચિંતા વ્યક્ત કરી હતી. જોકે, તેમણે આંતરરાષ્ટ્રીય સંબંધોમાં ‘સમાવેશક ભૂમિકા‘ અંગે યુએન કૃતનિશ્ચયી હોવાથી અફઘાનિસ્તાનમાં તાલિબાનો સાથેની ચર્ચાને આવશ્યક ગણાવી હતી. દરમિયાન અફઘાનિસ્તાનની વચગાળાની સરકારના શપથગ્રહણ સમારંભ મુદ્દે તાલિબાનોએ અમેરિકાના ઘા પર મીઠું ભભરાવવાનો વિચાર માંડી વાળ્યો છે.

અગાઉ એવા અહેવાલો હતા કે અમેરિકા પર ૯/૧૧ના હુમલાની ૨૦મી વરસીના દિવસે જ તાલિબાનોની નવી ‘આતંકી‘ સરકારના મંત્રીઓ શપથગ્રહણ કરશે. જોકે, હવે તાલિબાનોએ સહયોગી દેશોના દબાણથી શપથગ્રહણ સમારંભ જ રદ કરી નાંખ્યો છે.

## વિશ્વ બજારમાં ક્રૂડતેલના ભાવ ઉંચકાતાં તેના પગલે સોનામાં ઘટાડો થવાના સમાચાર

મુંબઈ , તા.૧૨

તાજેતરમાં વાવાઝોડાના કારણે ક્રૂડના ઉત્પાદનને અસર પડી છે. જોકે ચીન દ્વારા પોતાના હસ્તકના સ્ટોકમાંથી ક્રૂડતેલનું વેંચાણ કરવાનો નિર્ણય કર્યાના સમાચારના પગલે ક્રૂડતેલના વૈશ્વિક ભાવમાં વૃદ્ધી મર્યાદિત રહ્યાના નિર્દેશો મળ્યા હતા. વિશ્વબજારમાં ડોલર ઈન્ડેક્સ તથા બોન્ડ યીલ્ડ ઉંચકાતાં સોનામાં ઉછાળે ફંડોની વેચવાલી આવતી રહી છે. વિશ્વ બજારના જાણકારોના જણાવ્યા મુજબ સોનાના ભાવ ૧૮૦૦ ડોલર નજીક પહોંચે છે નીચામાં ભાવ હવે ૧૭૫૦ ડોલર સુધી ઉતરવાની શક્યતા જાણકારો બતાવી રહ્યા હતા. પ્લેટીનમના ભાવ ઔંશદીઠ ૯૮૪થી ૯૬૧ ડોલર રહ્યા હતા જયારે પેલેડીયમના ભાવ ૨૨૪૦થી ૨૨૪૧ ડોલરવાળા ઘટી સપ્તાહના અંતે ૨૨૦૦ની અંદર ઉતરી ૨૧૩૮થી ૨૧૩૯ ડોલર બોલાઈ રહ્યા હતા. વિશ્વ બજારમાં ડોલર ઈન્ડેક્સ ઉંચકાતાં ઘરઆંગણે મુંબઈ કરન્સી બજારમાં આજે બંધ બજારે રૂપિયા સામે ડોલરના ભાવ રૂ.૭૩.૫૦ વાળા વધી રૂ.૭૩.૫૫ બોલાઈ રહ્યા હતાં.મુંબઈ ઝવેરી બજારમાં આજે બુલીયન બજાર બંધ રહી હતી. જોકે બંધ બજારે સોના-ચાંદીના ભાવમાં ઘટાડો આગળ વધ્યો હતો. વિશ્વ બજારના સમાચાર નિરૂત્સાહ હતા. મુંબઈ બજારમાં સોનાના ભાવ ૧૦ ગ્રામના જીએસટી વગર ૯૯.૫૦ના રૂ.૪૬૮૨૨ વાળા રૂ.૪૬૭૭૦ રહ્યા હતા જયારે ૯૯.૯૦ના ભાવ રૂ.૪૭૦૧૦ વાળા રૂ.૪૬૯૭૦ રહ્યા હતા. મુંબઈ ચાંદીના ભાવ કિલોના જીએસટી વગર રૂ.૬૩૩૬૨ વાળા રૂ.૬૩૩૦૦ રહ્યા હતા. દરમિયાન અમદાવાદ ઝવેરી બજારમાં આજે સોનાના ભાવ રૂ.૧૦૦ ઘટી ૯૯.૫૦ના રૂ.૪૮૪૦૦ તથા ૯૯.૯૦ના રૂ.૪૮૬૦૦ બોલાઈ રહ્યા હતા. જ્યારે અમદાવાદ ચાંદીના ભાવ રૂ.૫૦૦ ઘટી રૂ.૬૪૫૦૦ રહ્યા હતા.

## પુરી રીતે વેક્સિનેટેડ ભારતીયો આજથી યુએઈ જઈ શકશે

યુએઈ , તા.૧૨

મુસાફરી પ્રતિબંધ હટાવવાનો નિર્ણય એવા સમયે આવ્યો છે જ્યારે દુબઈ કોરોના વાયરસ રોગચાળાને કારણે એક વર્ષના વિલંબ બાદ ૧ ઓક્ટોબરે એક્સ્પો ૨૦૨૦ વર્લ્ડ ફેર ખોલવાની તૈયારી કરી રહ્યું છે. નેશનલ ઈમરજન્સી ક્રાઈસીસ એન્ડ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટી એ એક ટ્વિટમાં સત્તાવાર નિવેદન શેર કર્યું અને કહ્યું કે જે લોકો પરત ફરી શકે છે તેમાં તે લોકોનો સમાવેશ થાય છે જે છ મહિનાથી વધુ સમયથી વિદેશમાં છે. હકીકતમાં, આવા પગલા પાછળ, દેશમાં કોરોનાના સકારાત્મક કેસોની દૈનિક સંખ્યા ઘટવાનું કહેવામાં આવ્યું છે. ગયા સપ્તાહથી દૈનિક કેસો ૧,૦૦૦ થી નીચે આવી ગયા છે, જ્યારે રસીકરણ દર ૯૨ ટકા સુધી પહોંચી ગયો છે, જે માલ્ટા પછી વિશ્વમાં સૌથી વધુ છે. યુએઈ (છઈ)એ કોરોનાની રસી આપવામાં આવેલા લોકોના પ્રવેશ પરનો પ્રતિબંધ સંપૂર્ણપણે હટાવી લીધો છે. સંયુક્ત આરબ અમીરાતએ કહ્યું કે તે ડબ્લ્યુએચઓ દ્વારા મંજૂર કરાયેલી કોરોના રસી સાથે સંપૂર્ણ રસીકરણ કરનારાઓને પાછા ફરવાની મંજૂરી આપશે.

ધાબાના લીકેજ કામના સ્પેશ્યાલિસ્ટ
સ્પેશીયલ ઓફર ૫ થી ૧૦ વર્ષની વોરંટી સાથે, એનાથી ભેજ અને લીકેજનું સંપૂર્ણ નાશ.
BM MAGIC WATERPROOFING
9624163945(M)
8690089211(W)
● માર્બલ પેસ્ટ દિવાલ અને સીલીંગને મજબૂત કરવાનું કેમિકલ છે. ● દિવાલ અને સીલીંગને લગાવ્યા બાદ માર્બલ જેવું દેખાય છે. ● માર્બલ પેસ્ટ કરાવ્યા પછી ભેજ આવતો નથી. ● દર વર્ષે કરાવવું પડતું નથી. ૫ થી ૧૦ વર્ષની વોરંટી આપીએ છીએ.
● માર્બલ પેસ્ટ ઘરમાં, ઓફિસમાં તેમ જ દુકાનમાં લગાડી આપવામાં આવશે. ● વરસાદના લીધે થતું ધાબાના લીકેજનું કામ ખાત્રી પૂર્વક કરી આપવામાં આવશે.
કલર કામ પણ ખાત્રી પૂર્વક કરી આપીએ છીએ.
ફક્ત એક જ ફોન કરો અમારો માણસ તમારે ત્યાં આવી જશે.
માર્બલ પેસ્ટ દરેક માર્બલ ડિઝાઈનમાં બનાવી આપીએ છીએ...

## તંત્રી સ્થાનેથી...

### વિજય રૂપાણીના રાજીનામા પાછળ ગુજરાતમાં એન્ટ્રી થનાર 'આપ' તો નથીને..

*સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં આપની ધમાકેદાર એન્ટ્રીથી તે ૨૭ બેઠકો જીતવામાં સફળ રહ્યું હતું. જ્યારે ગત વિધાનસભામાં કોંગ્રેસે જીતેલી ૩૬ બેઠકમાંથી હાલ શૂન્ય પરથી કોંગ્રેસ આગળ વધી શકી નથી. સૌથી વધુ ગુજરાતમાં આપની બેઠકો સુરતમાં મળી હતી. સુરત પાલિકામાં વિરોધ પક્ષમાંથી કોંગ્રેસ ગાયબ થઈ છે અને ત્યાં હવે આપના કાઉન્સિલરો દેખાય છે. આ સાથે વર્ષ ૨૦૧૭ની વિધાનસભાની ચૂંટણીનાં પરિણામ પર નજર કરીએ તો ભાજપ માત્ર ૯૯ બેઠકોમાં સમેટાઇ ગઇ હતી જ્યારે કોંગ્રેસે ૭૭ બેઠકો જીતી હતી. ગત ચૂંટણીના પરિણામની સરખામણીમાં ભાજપને ૧૬ બેઠકોનો ફટકો પડ્યો હતો અને કોંગ્રેસને ફાળે ૧૬ બેઠકો વધારે આવી હતી.નોંધનીય છે કે, વર્ષ ૨૦૦૭માં ભાજપને ૧૧૭ બેઠક મળી હતી, જે વર્ષ ૨૦૧૭ની ચૂંટણીમાં ઘટીને ૯૯ થઈ ગયેલી. કોંગ્રેસને વર્ષ ૨૦૦૭ની ચૂંટણીમાં ૫૯ બેઠક મળી હતી, જે ૨૦૧૭ની ચૂંટણીમાં વધીને ૭૭ થઈ હતી. વિજય રૂપાણીનાં રાજીનામાં બાદ, આખા ગુજરાતનાં લોકોના મનમગજમાં હાલ એક જ પ્રશ્ન છે કે, રાજ્યનાં નવા સીએમ (કોણ હશે? કયા કેબિનેટ મંત્રીઓનું પત્તું કપાઇ જશે અને કયા નવા નવા ચહેરાઓને મંત્રીમંડળમાં સ્થાન મળશે. છેલ્લા ૨૫ વર્ષથી ગુજરાતમાં ભાજપનું શાસન છે. આવતા વર્ષ પહેલા ગુજરાતનું રાજકારણ ગરમાયું છે. ભાજપે આ વખતની વિધાનસભા ચૂંટણીમાં ૧૫૦થી વધુ સીટ જીતવાનો ટાર્ગેટ રાખ્યો છે. છેલ્લા ૨૫ વર્ષથી રાજ્યમાં ભાજપ અને કોંગ્રેસની પાર્ટી જ મહત્ત્મ દેખાતી હતી. પરંતુ આ વખતે આપની એન્ટ્રી બાદ ભાજપનાં સળવળાટ શરૂ થઇ ગયો હોય તેમ લાગી રહ્યું છે. ગુજરાતની આગામી ચૂંટણી માટે અરવિંદ કેજરીવાલની આમ આદમી પાર્ટી જોશમાં દેખાઇ રહી છે. આ પાર્ટીએ છેલ્લા એક વર્ષમાં રાજ્યનાં જાણીતા ચહેરાઓને પોતાની પાર્ટીમાં સ્થાન આપ્યું છે. જેના કારણે કહી શકાય કે, ભાજપને ચૂંટણીમાં ૧૫૦ સીટો જીતવામાં મુશ્કેલી દેખાતી હોય શકે છે. જેના કારણે ગુજરાત ભાજપમાં ધરખમ બદલાવ આવી રહ્યો છે.*

## અફઘાનિસ્તાનમાં તાલિબાનની સરકાર બાદ આવા હુમલા થવાની દહેશત વધી

# અમેરિકાના ૯/૧૧ હુમલાના ૨૦ વર્ષ : યાદો તાજા થઈ શ્રદ્ધાંજલિ અપાઈ



વૉશિંગ્ટન , તા.૧૨

અમેરિકન એરલાઈન્સના ટિકિટ ચેકરે એક મુલાકાતમાં વસવસો વ્યક્ત કરતા કહ્યું હતું કે જો મેં આતંકવાદીઓને બરાબર તપાસ્યા હોત તો હજારો લોકોનો જીવ બચી જાત. વોઘન એલેક્સ નામનો કર્મચારી ૯-૧૧ની ઘટના વખતે ૨૦૦૧માં વૉશિંગ્ટનના આંતરરાષ્ટ્રીય એરપોર્ટમાં તૈનાત હતો. તેણે સલીમ અને નાવા અલ હાઝમીને વિમાનમાં બેસવા દીધા હતા.૯-૧૧ના હુમલા પછી પણ છેલ્લાં ૨૦ વર્ષમાં અસંખ્ય ફાયર ફાઈટર્સ મોતને ભેટયા છે. હુમલો થયો તે પછી વર્લ્ડ ટ્રેડ સેન્ટરમાં ભયાનક આગ ફાટી નીકળી હતી. એ આગને ઠારવાના પ્રયાસમાં ૩૪૩ જેટલા ફાયર ફાઈટર્સના મોત થયા હતા. હુમલા પછી અન્ય બીમારીમાં પણ ઘણાં લોકો સપડાયા હતા, જેમાં તેમના મોત થયા હતા. રાહત કર્મચારીઓ તો એ પછી પણ અલગ અલગ બીમારીનો ભોગ બન્યા હતા અને એમાં તેમનો જીવ ગયો હતો. ફાયર ફાઈટર્સ કમિશ્નર ડેનિયલ નાઈગ્રોએ કહ્યું હતું કે ૨૦૦૧માં હુમલો થયો ત્યારે જ ૩૪૩ ફાયર કર્મચારીઓ મોતને ભેટયા હતા. તે પછી ફાયર ફાઈટર્સ વિવિધ માનસિક અને શારીરિક બીમારીમાં સપડાયા હતા, જે તેમના માટે જીવલેણ સાબિત થઈ હતી. છેલ્લાં ૨૦ વર્ષમાં જ ૨૫૦ ફાયર ફાઈટર્સ વિવિધ બીમારીના કારણે મોતને ભેટયા હતા. એમાંથી અસંખ્ય કર્મચારીઓ આ ગોઝારા દિવસને ભૂલી શક્યા ન હતા. તેમણે બચાવ કામગીરી દરમિયાન જે મરણચીસો સાંભળી હતી એણે તેને શાંતિથી ઊંઘવા દીધા ન હતા. તે સિવાય સફાઈ સહિતની વિવિધ કામગીરીમાં સામેલ થયેલા હજારો લોકો ઉપર આ ઘટનાની ગંભીર અસર થઈ હતી. એડિથ કોવાન યુનિવર્સિટીના સ્ટડી પ્રમાણે ૯૧ હજાર કર્મચારીઓ અને વોલેન્ટીયર્સ રાહત કામગીરીમાં જોડાયા હતા, એમાંથી ૮૦૭૮૫ના સ્વાસ્થ્ય ઉપર તેની અસર થઈ હતી. અફઘાનિસ્તાનમાં આતંકવાદી સંગઠન તાલિબાનના ઉદય વચ્ચે અમેરિકામાં ૯-૧૧ના હુમલાની ૨૦મી વરસી નિમિત્તે શ્રદ્ધાંજલિ કાર્યક્રમ યોજાયો હતો. અમેરિકાના વર્તમાન પ્રમુખ જો બાઈડેન અને પૂર્વ પ્રમુખો - બરાક ઓબામા અને બિલ ક્લિન્ટન ૯-૧૧ના મોમેરિયલે હાજર રહ્યા હતા. મૌન પાળીને પ્રમુખોએ મૃતકોને શ્રદ્ધાં જલિ પાઠવી હતી. પીડિત પરિવારનો આશ્વાસન આપ્યું હતું.

અમેરિકાના જગવિખ્યાત વર્લ્ડ ટ્રેડ સેન્ટર પર આતંકવાદી હુમલો થયો તેને ૨૦ વર્ષ થયા હતા. એ આતંકી હુમલાના ૨૦ વર્ષ થયા એ દિવસે ૯-૧૧ નેશનલ મેમોરિયલે શ્રદ્ધાંજલિનો કાર્યક્રમ યોજાયો હતો. એમાં વર્તમાન પ્રમુખ જો બાઈડેન, પૂર્વ પ્રમુખો બરાક ઓબામા અને બિલ ક્લિન્ટન પરિવાર સાથે હાજર રહ્યા હતા. ત્રણેય પ્રમુખોએ મેમોરિયલે મૌન પાળીને મૃતકોના આત્માની શાંતિ માટે પ્રાર્થના કરી હતી. વર્લ્ડ ટ્રેડ સેન્ટર ઉપર આતંકવાદી હુમલો થયો ત્યાર પછી જ્યોર્જ બુશ, બરાક ઓબામા, ડોનાલ્ડ ટ્રમ્પ અને જો બાઈડેન પ્રમુખ બન્યા હતા. એમાંથી એક ડોનાલ્ડ ટ્રમ્પ સિવાયના બધા જ પ્રમુખો હાજર રહ્યા હતા અને તેમણે પીડિત પરિવારનો આશ્વાસન આપ્યું હતું.પ્રમુખ જો બાઈડેને કહ્યું હતું કે આતંકવાદી હુમલામાં અમેરિકાએ મોટી કિંમત ચૂકવી હતી. પરંતુ અમેરિકાએ તેનો જડબાતોડ જવાબ આપીને આતંકવાદનો ખાતમો કરવામાં પણ ૨૦ વર્ષમાં અસરકારક કામગીરી કરી છે.

એકતા એ આપણી અમેરિકનોની સૌથી મોટી શક્તિ છે. આપણે સૌ એક થઈને આતંકવાદ સામે લડયા છીએ અને એ જ રીતે લડતા રહીશું. આતંકવાદનો ભોગ બન્યા તેની ખોટ તો ક્યારેય પુરાઈ નથી, પરંતુ એ માટે જે જવાબદાર હતા તેને અમેરિકાએ પાઠ ભણાવ્યો છે. હજુ પણ આતંકવાદ સામેની લડાઈમાં અમેરિકા હંમેશા અગ્રેસર રહેશે. ૯-૧૧ના હુમલામાં લગભગ ૩૦૦૦ જેટલાં લોકો મૃત્યુ પામ્યા હતા અને અસંખ્ય લોકો ઘાયલ થયા હતા. એ પરિવારો આ ગોઝારા દિવસને યાદ કરીને હિબકે ચડયા હતા. મેમોરિયલમાં મૃતકોના પરિવારજનો આવ્યા હતા અને ઠેર-ઠેર હૃદયદ્રાવક દૃશ્યો સર્જાયા હતા. આ બંને આતંકવાદીઓએ પછીથી વિમાન હાઈજેક કર્યું હતું અને એ દિવસે હુમલો કર્યો હતો. ટિકિટ ચેકરે વસવસા સાથે કહ્યું હતું કે અલકાયદાના એ આતંકવાદીઓના ચહેરા હું ૨૦ વર્ષમાં ક્યારેક ભૂલી શક્યો નથી. મને દરરોજ એના એ ચહેરા યાદ આવે છે અને તેની કરતૂત પાછળ હું પણ જવાબદાર હોઉં એવી લાગણી થાય છે. એલેક્સે કહ્યું હતું કે એ બંને આતંકવાદીઓ જાણી-જોઈને મોડા પહોંચ્યા હતા. વધારે ચેકિંગમાંથી અને પૂછપરછમાંથી બચી શકાય તે માટે તે છેલ્લી ઘડીએ વિમાનમાં બેસવાની વિનંતી કરવા આવ્યા હતા. જો મેં એજન્ટને બોલાવીને વધારે તપાસ કરાવી હોત તો એ આતંકવાદીઓની ફ્લાઈટ મીસ થઈ જાત અને એ મોટો આતંકી હુમલો ટળી જાત.

## આઈએસ સાથે સંકળાયેલા ૨૫ ભારતીયો કાબૂલથી ભારતમાં ઘુસવાની ફિરાકમાં

કાબુલ , તા.૧૨

આ આતંકીઓ ગમે ત્યારે ભારતમાં ઘુસવાની ફિરાકમાં છે. જેનો બાદમાં આઈએસ કોઈ મોટા હુમલા માટે ઉપયોગ કરી શકે છે. હાલ આ રિપોર્ટ બાદ એરપોર્ટ પર પણ સુરક્ષા વધારી દેવામાં આવી છે અને અફઘાનિસ્તાનથી આવતા લોકોની સઘન તપાસ ચાલી રહી છે. સાથે જ સરહદે પણ એલર્ટ આપવામાં આવ્યું છે.અફઘાનિસ્તાન પર તાલિબાને કબજો કર્યો તે બાદ જમ્મુ કાશ્મીરમાંથી ૬૦ જ્યારે કેરળમાંથી પણ અનેક યુવાનો ગાયબ છે. જેઓ અફઘાનિસ્તાન પહોંચ્યા હોવાની શંકા છે. એવામાં એક રિપોર્ટમાં દાવો કરાયો છે કે અફઘાનિસ્તાનથી ૨૫ ભારતીયો ગમે ત્યારે ભારત પહોંચી શકે છે. જેઓને આતંકી હુમલાના આદેશ અપાયા હોવાનો દાવો પણ કરાયો છે. ગયા મહિને અફઘાનિસ્તાન પર ૧૫મી ઓગસ્ટે કબજો કરી લીધો તે બાદ તાલિબાને અનેક જેલોમાંથી આતંકીઓને છોડી મુક્યા હતા. છોડાયેલા મોટા ભાગના આતંકીઓ આઈએસ અને આલકાયદા સાથે જોડાયેલા છે. આ આતંકીઓમાં કેટલાક ભારતીય નાગરિક્તા ધરાવતા હતા. અને બાદમાં અલકાયદા જેવા સંગઠનોમાં જોડાયા હતા.

હાલ આવા ૨૫ જેટલા આતંકીઓની એક યાદી તૈયાર કરવામાં આવી છે કે જેઓ ભારતીય છે અને આઈએસ સાથે સંપર્કમાં આવી ગયા છે. એનઆઈએના અધિકારીઓના નિવેદનને ટાંકીને એક રિપોર્ટમાં દાવો કરાયો છે કે આ ૨૫ ભારતીયો અફઘાનિસ્તાનમાં જ છે અને તેઓ નાંગરહાર પ્રાંતમાં આઈએસ પાસે તાલિમ લઈ રહ્યા છે.

## દેશમાં નોકરી જ નથી તો શું રવિવાર અને સોમવાર.. : રાહુલ ગાંધી

નવી દિલ્હી , તા.૧૨

રાહુલ ગાંધીએ એક સમાચારના હવાલાથી મોદી સરકાર પર નિશાન સાધ્યુ છે. આ સમાચારમાં જણાવાયુ છે કે આગામી દિવસમાં ૪૦૦૦ કંપનીઓ બંધ થવાની છે. તેમણે આગળ કહ્યુ કે છેલ્લા ચાર વર્ષમાં અમેરિકાની ત્રણ ઑટો કંપનીઓ ભારતમાંથી પોતાનો વેપાર સમેટી ચૂકી છે. અગાઉ જનરલ મોટર્સ અને હાર્લે ડેવિડસન પણ ભારતને છોડી ચૂક્યા છે.

એક મોટા કન્વીનરનુ કહેવુ છે કે દેશમાં માત્ર ફોર્ડ જ બંધ નથી થઈ રહ્યા પરંતુ ૪૦૦૦થી વધારે નાની કંપનીઓ બંધ થઈ રહી છે.કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી પોતાના જમ્મુ-કાશ્મીર પ્રવાસને લઈને ચર્ચામાં છે. આ દરમિયાન તેઓ ટ્વીટર દ્વારા મોદી સરકાર પર સતત નિશાન સાધતા રહ્યા છે.

રાહુલ ગાંધીએ દેશમાં રોજગાર અને વિકાસના મુદ્દે કેન્દ્ર સરકારને ઘેરતા કહ્યુ કે ભાજપ સરકારનો વિકાસ એવો છે કે રવિવાર અને સોમવારનો ફરક ખતમ કરી દીધો. તેમણે આગળ કહ્યુ કે દેશમાં નોકરી જ નથી તો શુ રવિવાર અને સોમવાર. રાહુલ ગાંધીએ આ વાત એક સમાચારના હવાલાથી ટ્વીટ કરતા કહી છે.

## કાશી વિશ્વનાથ પરિસર નિર્માણ દરમિયાન ૧ મજૂરનું મોત

નવી દિલ્હી , તા.૧૨

વારાણસીની કાશી વિશ્વનાથ કોરિડોર વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો ડ્રીમ પ્રોજેક્ટ છે. ૫૫ હજાર સ્ક્વેર મીટરમાં બની રહેલી આ કોરિડોરને ભવ્ય સ્વરૂપ આપવાનું કામ સતત ચાલુ છે. તેમાં કુલ ૨૪ ભવન બનાવવાની તૈયારી થઈ રહી છે. સમગ્ર પ્રોજેક્ટ ૩૩૯ કરોડ રૂપિયાનો છે અને તેનું મોટા ભાગનું સિવિલ વર્ક કમ્પ્લીટ થઈ ચુક્યું છે. વડાપ્રધાન મોદીનો ડ્રીમ પ્રોજેક્ટ કાશી વિશ્વનાથ મંદિર કોરિડોર કે વિશ્વનાથ ધામ તેમના સંસદીય ક્ષેત્ર વારાણસીમાં આ વર્ષે ૧૫ નવેમ્બર સુધીમાં પૂર્ણ થઈ જશે તેમ કહેવામાં આવે છે.

તેવામાં એવો અંદાજો આવી રહ્યો છે કે, રામ મંદિર નિર્માણ પહેલા જ ભક્તોને કાશી વિશ્વનાથ કોરિડોર તૈયાર મળી જશે. વારાણસીના કાશી વિશ્વનાથ ધામ કોરિડોર પરિસર નિર્માણ કાર્ય દરમિયાન પથ્થરનો એક મોટો હિસ્સો નીચે પડ્યો હતો. આ દુર્ઘટનામાં એક મજૂરે પોતાનો જીવ ગુમાવ્યો છે અને ૪ લોકો ઈજાગ્રસ્ત થયા છે.

ઘાયલ મજૂરોને વારાણસી ખાતેની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. દુર્ઘટના અંગે જાણ થયા બાદ અનેક પોલીસ અધિકારીઓ ઘટના સ્થળે પહોંચી ગયા હતા અને તપાસ હાથ ધરવામાં આવી હતી. જોકે આ પહેલી વખત નથી કે કાશી વિશ્વનાથ કોરિડોરમાં આવી દુર્ઘટના બની હોય. થોડા મહિના પહેલા પણ એક દુર્ઘટનામાં ૨ મજૂરોએ પોતાનો જીવ ગુમાવ્યો હતો. તેઓ પણ કાશી વિશ્વનાથ કોરિડોરના નિર્માણ કાર્યમાં જ લાગેલા હતા.

## 'અલ્-કાયદા' અફઘાનિસ્તાનમાં ફરી સક્રિય બનશે : અમેરિકી સંરક્ષણ પ્રધાન

અમેરિકા , તા.૧૨

૨૦૨૦માં ટ્રમ્પ એડમિનિસ્ટ્રેશન સાથે તાલિબાન નેતાઓએ કરેલા કરારો પ્રમાણે, અમેરિકાને કે દુનિયાના કોઈ પણ દેશને નુકસાન કરે તેવાં અલ્-કાયદા જૂથને જરા પણ સહાય નહીં કરવાનું તાલિબાનોએ વચન આપ્યું હતું. આમ છતાં, અમેરિકી અધિકારીઓ માને છે કે તાલિબાનોએ અલ્-કાયદા સાથે સંબંધો રાખ્યા જ છે, તેથી ગલ્ફના આરબ દેશો સહિત, ઘણા દેશો માને છે કે તાલિબાનો સત્તા ઉપર આવતાં, અલ્-કાયદાનો પ્રભાવ વધવાનો માર્ગ મોકળો થયો છે.

અમેરિકાના સંરક્ષણ પ્રધાન લોઈડ ઑસ્ટિને કહ્યું હતું કે, અફઘાનિસ્તાનમાંથી અમેરિકા ખસી જતાં, ત્યાં 'અલ્-કાયદા' જૂથ ફરી બેઠું થવા સક્રિય બનવાની શક્યતા છે, અને ૨૦ વર્ષ પૂર્વે તેણે કરેલાં અમેરિકા પરનાં આક્રમણ જેવું જ આક્રમણ કરવા, તે, તાલિબાનોની સત્તા નીચે તૈયાર થશે.'' ઈરાન અખાતના ૪ દેશોની મુલાકાતનાં અંતિમ ચરણમાં કુવૈત શહેરમાં, પત્રકારોનાં એક નાનાં જૂથને આપેલી મુલાકાતમાં તેમણે વધુમાં કહ્યું હતું કે, ''આ તો, તેમના માટે સ્વભાવગત છે, પરંતુ અમેરિકા તે જૂથને ફરી ઊભું થતું રોકવા, અને તે અમેરિકા ઉપર હુમલો ફરીથી ન જ કરી શકે તેવી સ્થિતિ ઊભી કરવાને, અમેરિકા પૂરતું સક્ષમ છે.'' તાલિબાનો, ૧૯૯૬ થી ૨૦૦૧ સુધી અફઘાનિસ્તાનમાં સત્તા પર રહ્યા હતા. તે દરમિયાન તેમણે ''અલ્-કાયદા''ને આશ્રય આપ્યો હતો. પરંતુ, પછીથી, સપ્ટેમ્બર ૧૧, ૨૦૦૧ના દિને અમેરિકા પર હુમલો થયા બાદ અમેરિકાએ તે હુમલો કરનારાઓને સોંપી દેવા, તાલિબાનોને જણાવ્યું હતું. તે માટે, તેમણે સ્પષ્ટ 'ન-કાર' કરતાં અમેરિકાએ હુમલાઓ શરૂ કર્યા અને તે ૨૦ વર્ષ સુધી ચાલેલી લડાઈનાં પરિણામે, 'અલ્-કાયદા' તો મહદ્-અંશે ખતમ થઈ ગયું હતું. પરંતુ, તાલિબાનોએ કાબુલ ઉપર પણ કબ્જો જમાવ્યા પછી, ભાવિ સંભાવનાઓ વિષે અનેકવિધ્ પ્રશ્નો ઊભા થતા જાય છે અને ભાવિ-સંભાવનાઓ અંગે પણ પ્રશ્નો ઊભા થાય છે. કદાચ, અલ્-કાયદા તેમના 'કમ-બેક' માટે અફઘાનિસ્તાનનો ઉપયોગ કરશે જ.

## શ્રીલંકાની સરકાર દ્વારા નિવેદન ૧ વર્ષ સુધી પ્રેગનેન્સી ટાળી દે મહિલાઓ

શ્રીલંકા, તા.૧૨

શ્રીલંકાના હેલ્થ પ્રોગ્રામ બ્યુરોના ડાયરેક્ટરે કહ્યુ કે અત્યાર સુધી ૫૫૦૦ પ્રેગનેટ મહિલાઓ કોરોના સંક્રમિત થઈ ચૂકી છે. જેમાં ૭૦%નું રસીકરણ પૂરૂ થઈ ગયુ છે. એક્સપર્ટે ગર્ભવતી મહિલાઓને વેક્સિન લેવાની સલાહ આપી છે. અહીં ઓગસ્ટ બાદથી લોકડાઉન નિયમોમાં ઘણી છૂટ આપવામાં આવી છે. જેને સરકાર હવે જલ્દી ખતમ કરી શકે છે.

WHOના એક્સપર્ટે ઓક્ટોબરની શરૂઆત સુધી કડક પ્રતિબંધ લગાવવાની ભલામણ કરી છે. ઉલ્લેખનીય છે કે આ પહેલા મહારાષ્ટ્રમાં ઝીકા વાયરસના કારણે મહિલાઓને આવી જ સલાહ આપવામાં આવી હતી.શ્રીલંકામાં કોરોના વાઈરસના ડેલ્ટા વેરિયન્ટના કારણે મચેલા કોહરામના કારણે નવ પરિણીત મહિલાઓને કેટલાક સમય માટે પ્રેગનેન્સી ટાળવાની અપીલ કરી છે.

સ્થાનિક મીડિયા રિપોર્ટસ અનુસાર અહીં છેલ્લા કેટલાક મહિનામાં લગભગ ૪૦ પ્રેગનેટ મહિલાઓના મોત બાદ સ્વાસ્થ્ય મંત્રાલય તરફથી સલાહ આપવામાં આવી હતી. સરકારી સલાહ પર કેટલોક વિવાદ પણ થયો જે બાદ દેશની પ્રાથમિક સ્વાસ્થ્ય સારસંભાળ, મહામારી અને કોવિડ રોગ નિયંત્રણ મંત્રી ડૉ. સુદર્શની ફર્નાંડોપુલેએ કહ્યુ કે દેશમાં કોરોનાને રોકવા માટે બનાવાયેલી એક્સપર્ટ કમિટીની સલાહ પર આ વાત પબ્લિક ડોમેનમાં પહોંચાડવામાં આવી હતી. આ સલાહમાં બાળક અને માતા બંનેની સુરક્ષા માટે મહિલાઓને એક વર્ષ સુધી પ્રેગનન્સી રોકવાની વાત કહેવામાં આવી હતી. સ્વાસ્થ્ય મંત્રીએ કહ્યુ કે કોરોનાનુ આ વેરિઅન્ટ શરૂઆતી વાયરસથી વધારે ઘાતક છે અને ઝડપથી ફેલાય છે. સરકારના હેલ્થ પ્રોગ્રામ બ્યુરોના ડાયરેક્ટર એ કહ્યુ કે સામાન્ય સ્થિતિઓમાં દેશમાં દર વર્ષે લગભગ ૧૦૦ પ્રેગનેટ મહિલાઓના મોત થાય છે. કોરોનાની ત્રીજી લહેરની શરૂઆતથી અત્યાર સુધી લગભગ ૪૧ પ્રેગનેટ મહિલાઓના મોત નીપજ્યા છે.

## ૯/૧૧ના હુમલાઓ અમારા દેશોને જુદાં પાડી શક્યા નથી : બ્રિટિશ વડાપ્રધાન

બ્રિટિશ , તા.૧૨

'અલ્-કાયદા'ના સર્જક અને સર્વે-સર્વા ઓસ્મા-બિન્-લાદેને અફઘાનિસ્તાનની સરહદમાં જ રહીને, આ હુમલાઓનો દોરી-સંચાર કર્યો હતો. તેથી, અમેરિકાએ, અફઘાનિસ્તાન ઉપર પ્રચંડ આક્રમણ કરી, તે સમયની તાલિબાન સરકારને, ૨૦૦૧માં ઉથલાવી દીધી હતી. તે પછી, પશ્ચિમી સત્તાઓનાં દળો, અફઘાનિસ્તાનમાં ૨૦ વર્ષ સુધી રહ્યાં હતાં. આ ૯/૧૧ની વીસમી વરસીને જહોનસને, તાજેતરમાં ત્યાં સ્થપાયેલી તાલિબાન સરકાર સાથે સાંકળી હતી. ત્યાંથી અમેરિકી અને નાટો દળોની વાપસી પછી, એ તાલિબાની સરકાર રચાઈ હતી જે સર્વવિદિત છે. બોરિસ જહોનસને તેમના વીડીયો સંદેશામાં વધુમાં કહ્યું હતું કે, ''અફઘાનિસ્તાનમાં તાજેતરમાં બની રહેલી ઘટનાઓ, ત્યાં બચી ગયેલાં, અને હજી પણ વ્યથિત રહેલાઓને સંબંધે, અમારા નિર્ણયને વધુ મજબૂત બનાવે છે, અને, અમારા સ્વાતંત્ર્ય, મુક્તિ તથા લોકશાહીના સિદ્ધાંતોને વળગી રહેવા, અમોને બળ આપે છે, જેથી અમે, અમારા તમામ શત્રુઓ ઉપર વિજયી બની શકીશું.''ન્યૂયોર્કનાં વર્લ્ડ-ટ્રેડ-સેન્ટર ઉપર તા. ૧૧મી સપ્ટેમ્બર ૨૦૨૧ના દિને, અપહૃત કરાયેલાં વિમાનો દ્વારા કરાએલાં આક્રમણોને લીધે, વર્લ્ડ ટ્રેડ સેન્ટરમાં રહેલા ૨,૬૦૦ લોકો સહિત કુલ ૩૦૦૦નાં મોત થયાં હતાં, જેમાં ૬૭ જેટલા બ્રિટિશ નાગરિકો પણ હતા.

## ભારતના ૩ ગામો યુએનની બેસ્ટ ટુરિઝમ વિલેજની યાદીમાં

વૉશિંગ્ટન , તા.૧૨

લાધપુરા ખાસ ગામ મધ્ય પ્રદેશના ટીકમગઢ જિલ્લાની ઓરછા તહસીલમાં છે. ટૂરિઝમ એન્ડ કલ્ચરના પ્રમુખ સચિવ શેખર શુક્લા આ વિશે વધારે જાણકારી આપતા કહ્યુ કે રાજ્યની ગ્રામીણ પર્યટન પરિયોજના હેઠળ આગામી પાંચ વર્ષોમાં ૧૦૦ ગામને વિકસિત કરવામાં આવશે. બેસ્ટ ટૂરિઝમ વિલેઝમાં કોંગથોંગ ગામના સિલેક્ટ થવા પર મેઘાલયના મુખ્યમંત્રી કોનરાડ સંગમાએ પણ ટ્વીટ કરીને પોતાની ખુશી વ્યક્ત કરી છે. સંગમાએ લખ્યુ, મેઘાલયના કોંગથોંગ ગામને ભારતના બે અન્ય ગામની સાથે UNWTO ની બેસ્ટ ટૂરિઝમ વિલેઝની યાદીમાં સામેલ કરવામાં આવ્યા છે. શિલૉન્ગથી લગભગ ૬૦ કિલોમીટર દૂર સ્થિત કોંગથોંગ ગામ પોતાના પ્રાકૃતિક સૌંદર્ય અને વિશિષ્ટ સંસ્કૃતિ માટે ઘણા લોકપ્રિય છે. આ ગામ વ્હિસ્લિંગ વિલેજના નામે પણ ફેમસ છે. આ તે ૧૨ ગામમાંથી એક છે જ્યાં બાળકના જન્મથી જ તેમની સાથે એક વિશેષ પ્રકારની ધ્વનિ જોડવામાં આવે છે. આ ધ્વનિ જીવન ભર તેમની સાથે રહે છે. આ પરંપરા આજે પણ જેમની તેમ છે.મેઘાલયના કોંગથોંગ ગામ યુનાઈટેડ નેશન્સ વર્લ્ડ ટૂરિઝમ ઑર્ગેનાઈઝેશન એવોર્ડ માટે બેસ્ટ ટૂરિઝમ વિલેજની કેટેગરીમાં નોમિનેટ થયા છે. આ લિસ્ટમાં ભારતના વધુ બે ગામ પણ સામેલ છે. જેમાં મધ્ય પ્રદેશના લાઘપુર ખાસ અને તેલંગાણાના પોચમપલ્લી ગામનુ નામ પણ સામેલ છે. ટૂરિઝમ ડેસ્ટિનેશનના કારણે આ ગામ પર્યટરને ઘણા પસંદ આવે છે. મધ્ય પ્રદેશના મુખ્યમંત્રી શિવરાજ સિંહ ચૌહાણે આની પર એક ટ્વીટ કરતા લખ્યુ, મધ્ય પ્રદેશના લાધપુરા ખાસ ગામની બેસ્ટ ટૂરિઝમ વિલેઝમાં એન્ટ્રી અમારા માટે મોટા ગર્વની વાત છે. આ સિદ્ધિ માટે મધ્ય પ્રદેશ ટૂરિઝમ અને વહીવટીતંત્રની સમગ્ર ટીમને મારા તરફથી શુભકામનાઓ. આ પ્રકારે શ્રેષ્ઠ કામ કરતા રહે.

## ૯/૧૧ હુમલા અંગે FBI એ જાહેર કર્યા સિક્રેટ દસ્તાવેજ

નવી દિલ્હી , તા.૧૨

આતંકવાદી હુમલામાં સામેલ થવાના આરોપોનો સાઉદી સરકાર સતત ઈનકાર કરી રહી છે. વોશિંગ્ટનમાં સાઉદી દૂતાવાસે તાજેતરમાં જ કહ્યું હતું કે, તેમણે દેશ વિરૂદ્ધના જણાઈ રહેલા નિરાધાર આરોપોને સંપૂર્ણપણે ખતમ કરવા માટે તમામ રેકોર્ડ્સ પૂરી રીતે સામે લાવવાનું સમર્થન કર્યું છે. દૂતાવાસે કહ્યું હતું કે, સાઉદી અરબ પર મિલીભગતનો કોઈ પણ આરોપ 'સ્પષ્ટરૂપે ખોટો છે.

' જાહેર કરવામાં આવેલા સંશોધિત રેકોર્ડ્સમાં એક વ્યક્તિ સાથેના ૨૦૧૫ના વર્ષના ઈન્ટરવ્યુનો ઉલ્લેખ છે જે અમેરિકી નાગરિકતા માટે આવેદન કરી રહ્યો હતો અને વર્ષો પહેલા તેણે સાઉદી નાગરિકોનો વારંવાર સંપર્ક કર્યો હતો. ત્યાર બાદ તપાસકર્તાઓએ કહ્યું હતું કે, અનેક હાઈજેકર્સને મહત્વપૂર્ણ લોજિસ્ટિકલ સપોર્ટ આપવામાં આવ્યો હતો.અમેરિકા ખાતેના ૯/૧૧ના એટેકને ૨૦ વર્ષ પૂરા થઈ ગયા છે. આ હુમલામાં આશરે ૩,૦૦૦ લોકોએ પોતાનો જીવ ગુમાવ્યો હતો. આ હુમલાની ૨૦મી વરસીને લઈ FBIએ શનિવારે ૧૬ પાનાનો એક સિક્રેટ દસ્તાવેજ જાહેર કર્યો હતો.

આ દસ્તાવેજ ૧૧ સપ્ટેમ્બર, ૨૦૦૧ના રોજ થયેલા આતંકવાદી હુમલામાં ૨ સાઉદી હાઈજેકર્સને આપવામાં આવેલા લોજિસ્ટિકલ સપોર્ટ અંગેનો છે. દસ્તાવેજોમાં અમેરિકામાં સાઉદી સહયોગિઓ સાથે હાઈજેકર્સના સંપર્કો અંગે જણાવવામાં આવ્યું છે પરંતુ એ વાતનો કોઈ પુરાવો નથી મળ્યો કે આ ષડયંત્રમાં સાઉદી સરકાર પણ સામેલ હતી. હુમલાની ૨૦મી વરસી પર આ દસ્તાવેજ જાહેર કરવામાં આવ્યા છે જે પહેલો તપાસ રેકોર્ડ છે. અમેરિકી રાષ્ટ્રપતિ જો બાઈડને એ વસ્તુઓની સમીક્ષા કરવાનો આદેશ આપ્યો હતો જે અનેક વર્ષોથી સાર્વજનિક દૃશ્યોથી બહાર છે. પીડિત પરિવારોએ થોડા સપ્તાહ પહેલા બાઈડન પર દબાણ બનાવ્યું હતું અને ન્યૂયોર્કમાં કેસને લઈ લાંબા સમયથી રેકોર્ડની માગણી કરી હતી. આ રેકોર્ડમાં આરોપ લગાવવામાં આવ્યો હતો કે, હુમલામાં સાઉદીના વરિષ્ઠ અધિકારીઓ પણ સામેલ હતા.

# હાર્દિક પટેલ અને જીગ્નેશ મેવાણીએ વિજય રૂપાણીનાં રાજીનામા પર કટાક્ષ ટ્વીટ કર્યુ

ગાંધીનગર , તા.૧૨

મુખ્યમંત્રી રૂપાણી શનિવારે બપોરે રાજયપાલ આચાર્ય દેવવ્રતને મળ્યાં હતા અને તેમણે રાજીનામું આપ્યું હતું. જે બાદથી ગુજરાતનાં નવા મુખ્યમંત્રીને લઇને ચર્ચાઓ તેજ થઇ ગઇ છે. આ વચ્ચે ગુજરાતનાં બે યુવા ચહેરા અને તાજેતરમાં ગુજરાત કોંગ્રેસનાં કાર્યકારી અધ્યક્ષ હાર્દિક પટેલ અને વડગામ ધારાસભ્ય જીગ્નેશ મેવાણીએ ટ્વીટ કર્યુ છે.

હાર્દિક પટેલે ટ્વિટ કરતા કહ્યું, મુખ્યમંત્રીનું રાજીનામું ગુજરાતની જનતાને ગેરમાર્ગે દોરવાનો નિર્ણય છે. પરંતુ વાસ્તવિક પરિવર્તન આવતા વર્ષે ચૂંટણી પછી આવશે, જ્યારે લોકો ભાજપને સત્તામાંથી ઉથલાવી દેશે. આ સિવાય તેમણે વધુમાં લખ્યુ કે, ગુજરાતમાં મુખ્યમંત્રી વિજયભાઈ રુપાણીનું રાજીનામાંથી એ નક્કી થઈ ગયું છે કે ભાજપ ગુજરાતમાં સરકાર ચલાવવા માટે નિષ્ફળ સાબિત થઈ છે. કોરોનાકાળમાં ઓક્સિજનની અછતથી મોત, લાશોના ઢગલા, શ્મસાનમાંથી આવતી ભયંકર તસવીરોથી સમગ્ર વિશ્વમાં ગુજરાતની છબી ખરાબ થઈ છે. સતત વધતી મોંઘવારી, વેપારીઓ પર આવેલા સંકટ, યુવાનોમાં વધતી બેરોજગારી, બંધ થતા ઉદ્યોગોથી રાજયના લોકો મુશ્કેલીમાં છે. દિલ્હીના રિમોર્ટ કન્ટ્રોલથી ચાલતી ગુજરાત સરકાર આમ ક્યાં સુધી પોતાની નિષ્ફતા છુપાવતી રહેશે? ગુજરાતમાં વર્ષ ૨૦૧૪ બાદ પ્રથમ વખત મુખ્યમંત્રી બદલવાની પરિસ્થિતિ અમારા આંદોલનના કારણે આવી હતી અને હવે એક વખત ફરી જનતાની ભારે નારાજગી બાદ મુખ્યમંત્રીએ રાજીનામું આપવું પડ્યું છે.પરંતુ સાચુ પરિવર્તન આગામી વર્ષે ચૂંટણી બાદ આવશે, જ્યારે લોકો ભાજપને સત્તામાંથી દૂર કરશે.

આ ઉપરાંત જીગ્નેશ મેવાણીએ ટ્વીટમાં આજતકની એક ક્લિપ શેર કરતા કહ્યુ કે, ભાજપે વિજય રૂપાણીને તેના ચૂંટણીલક્ષી લાભ માટે દૂર કર્યા છે, ગુજરાતની જનતાને બરબાદ કરવા માટે નહીં! જ્યારે લોકો કોરોનામાં મરી રહ્યા હતા ત્યારે રૂપાણી સરકારનું પેટનું પાણી હલતું નહોતું! ચહેરો બદલવાથી પાપ ધોવાતા નથી.

જીગ્નેશ મેવાણીએ સ્પષ્ટ રીતે ગુજરાતમાં ભાજપની સરકારને કોરોનાની બીજી લહેરમાં અસફળ ગણાવી છે.ગુજરાતનાં મુખ્યમંત્રી પદેથી વિજય રૂપાણીએ રાજીનામું આપ્યા બાદથી રાજયની રાજનીતિમાં ગરમાવો આવ્યો છે. ઘણા લોકો તેને ૨૦૨૨ વિધાનસભાની ચૂંટણીને ધ્યાનમાં રાખી લેવાલો નિર્ણય માને છે. જો કે હવે નવા મુખ્યમંત્રી કોણ બનશે તેને લઇને પણ ચર્ચાઓનો દૌર શરૂ થઇ ગયો છે.

આ વચ્ચે ગુજરાત કોંગ્રેસનાં કાર્યકારી અધ્યક્ષ હાર્દિક પટેલ અને વડગામ ધારાસભ્ય જીગ્નેશ મેવાણીએ વિજયભાઇ રૂપાણીનાં રાજીનામા પર પોતાની પ્રતિક્રિયા આપતા ટ્વીટ કર્યુ છે.

# કાંકરેજ મોડેલ સ્કૂલ રતનપુરા દ્વારા વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો



કાંકરેજ

પર્યાવરણ સંવર્ધન અને જતન ના ભાગરૂપે કાંકરેજ તાલુકાના મુખ્ય મથક શિહોરી નજીક આવેલ મોડેલ સ્કૂલ રતનપુરા ખાતે શાળામાં ચાલતા ઈકોક્લબ દ્વારા શાળા પરિસરમાં ૩૦૦ જેટલા વિવિધ વૃક્ષો નું સફળ વાવેતર કરવામાં આવ્યું

જેમાં ચંદન ,શરૂ,પામ,ગુલમોહર, પેંદુલા,રાતરાણી,મેંદી, ગુલાબ,જેવા ફૂલછોડ નું પણ વાવેતર કરાયું.વૃક્ષારોપણ કાર્યક્રમ માં શાળાના શિક્ષક સ્ટાફ તેમજ તમામ વિદ્યાર્થીઓ ઉત્સાહભેર જોડાયા હતા.કાર્યક્રમ દરમિયાન પર્યાવરણ જાગૃતિ અને મહત્વ વિશે સંવાદ નો માહોલ સર્જાયો હતો.શાળાના ઈકોકલબ ના ઈન્ચાર્જ હરેન્દ્રસિંહ ડાભી તેમજ શાળાના આચાર્ય કે.એ.પટેલ દ્વારા આભાર વ્યક્ત કરી શિક્ષકમિત્રો અને વિદ્યાર્થીઓ ને અભિનંદન પાઠવ્યા હતાં. તેમજ આવનાર સમયમાં શાળા ના વિદ્યાર્થીઓ પર્યાવરણ નું જતન કરી રક્ષણ કરશે એવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

# અરવલ્લી : છેલ્લા ૫ વર્ષમાં ૨૯૮ લોકોએ આત્મહત્યા કરી, જીલ્લા પોલીસતંત્ર અને જીવનઆસ્થાએ સેમીનાર યોજયો



મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મઠવાસ

ઈન્ટરનેશનલ એસોસિએશન ઓફ સ્યુસાઈડ પ્રિવેન્શન દ્વારા દર ૧૦મી સપ્ટેમ્બરે વિશ્વ આપઘાત અટકાવ દિનની ઉજવણી કરવામાં આવે છે. જેનો ઉદેશ્ય લોકોમાં આત્મહત્યાના વર્તનને સમજે અને લોકોમાં આત્મહત્યા અટકાવવાનો છે. આ વર્ષે સાથે મળીને આત્મહત્યા અટકાવી શકીએ હાલમાં મોંઘવારી, રોજગારીનો પ્રશ્ન કૌટુંબિક કારણ, પ્રેમસંબંધ, બદલાની ભાવના, નશાકારક વસ્તુનું સેવન ચિંતા, ઊંઘમાં ખલેલ પદવી અથવા વર્તનમાં બદલાવ જેવા પરિબળોને કારણે આત્મહત્યા કરવા જેવા પગલા ભર્યાના બનાવો નોંધાઈ રહ્યા છે.ત્યારે અરવલ્લી જિલ્લા પોલીસતંત્ર અને જીવનઆસ્થા હેલ્પલાઈન સંયુક્ત સેમીનાર મોડાસા ટાઉનહોલમાં યોજાયો હતો અરવલ્લી જીલ્લા પોલીસવડા સંજય ખરાત જીલ્લામાં આપઘાતના બનાવ પર બ્રેક લગાવવા પ્રયત્નશીલ બન્યા છે

અરવલ્લી જિલ્લામાં છેલ્લા કેટલાક સમયથી ગળે ફાંસો ખાઈ કે ઝેરી દવા ગટગટાવી મોત વ્હાલુ કરવાના બનાવોમાં ચિંતાજનક હદે વધારો થયો છે. છેલ્લા ૫ વર્ષમાં ૨૯૮ લોકોએ એનકેન પ્રકારે આયુખું ટૂંકાવી દીધું છે અરવલ્લી જિલ્લા પોલીસતંત્ર અને જીવનઆસ્થા હેલ્પલાઈન દ્વારા મોડાસા ટાઉનહોલમાં માનસિક આરોગ્ય કાર્યક્રમ યોજી ૧૦મી સપ્ટેમ્બરે 'સાથે મળીને આત્મહત્યા અટકાવવા'ની થીમ લઈને લોકોને જાગૃત કરવામાં આવ્યા હતા

જીવન અણમોલ છે, તેને ગળે ટૂંપો દઈ કે ઝેરી દવા ગટગટાવી મોતને હવાલે કરવું એ ગમતી વસ્તુ નથી.પરંતુ આવા કમોત પાછળ શારિરીક અને માનસિક અતિશય ત્રાસ, આર્થિક સંકડામણ કે પ્રેમમાં નિષ્ફળતા સહિતના કારણો મોટેભાગે જવાબદાર હોય છે. કેટલાક અન્ય કારણોને લઈ ત્રસ્ત વ્યક્તિ જીવન ટૂકાવી દે છે.પરંતુ આ પ્રશ્ને જીલ્લા પોલીસતંત્ર સંવેદનશીલ બની સામાજિક ચિંતન હાથ ધરી પીડીતોનું કાઉન્સિલીંગ થાય તેવા પ્રયાશો હાથ ધર્યા છે અને ટોલ ફ્રી હેલ્પલાઈન ખુલ્લી મૂકી હતી

આત્મહત્યા કરવાના કારણોમાં મુખ્ય જોવા જઈએ તો કૌટુંબિક કારણો, ગરીબી, બેકારી, પ્રેમસંબંધ, શારીરિક કે માનસિક બીમારી, લગ્ન સંબંધ, પરીક્ષા, પ્રેમ, ધંધામાં કે કેરિયરમાં નિષ્ફળતા, મિલકત સંબંધી, સામાજિક દુષ્કર્મના લીધે, દેવું, નાદારી, નશાયુક્ત પદાર્થના સેવન, નપુંશકતા, બાળક ન થવું, પોતાની અલગ વિચારધારાને લીધે તેમજ નજીકના સ્વજનનું નિધન થવું આ સામાન્ય કારણો ઉપરાંત કૌટુંબિક કારણો આત્મહત્યાની પ્રેરણા આપે છે.

# સુરેન્દ્રનગર જિલ્લામાં અતિ વરસાદથી કપાસને નુકસાન : ખેડુતો

સુરેન્દ્રનગર , તા.૧૨

સુરેનદ્રનગર જિલ્લાના ખેડૂતોને વરસાદ ન થવાના કારણે અને હાલ પાક છેલ્લા તબક્કામાં હતો ત્યારે વરસાદ થતા મોમાં આવેલો કોળીયો છીનવાઇ જવા જેવી સ્થિતી સર્જાતા જિલ્લાબભરના ખેડૂતોને સરકારે પાક નુકસાનીનું વળતર ચુકવવાની ખેડૂતો માંગ કરી રહયા છે. ખેડૂતોના પાકને મોટાપાયે નુકસાન થયુ હોવાથી સરકારી યોજનાનો લાભ મેળવવા માટે તંત્ર દ્વારા પાક નુકસાનીનો કરવાનો સર્વે હજી સુધી શરૃ ન કર્યો હોવાથી ખેડૂતોને કોઇ પણ જાતનુ પાક નુકસાનીનુ વળતર મળે એવી શકયતા દેખાઇ રહી નથી. મોડો વરસાદ થયો એટલે કપાસ સહિતના પાકને મોટુ નુકસાન થયુ છે માત્ર મગફળીના એક પાણનો ફાયદો છે બાકી પશુને ઘાસચારાનો અને નદીનાળા ડેમમાં પાણી આવે એ ફાયદો બાકી આ વર્ષે ખેડૂતો વરસાદ ન થતા અને વરસાદ થતા નુકસાની જ થઇ છે.સુરેન્દ્રનગર જિલ્લામાં આ વર્ષે ખેડૂતો ભારે મુસ્કેલીમાં મુકાઇ રહયા છે પહેલા અઢી મહિના સુધી વરસાદ ન થવાના કારણે અનેક ખેડૂતોનો પાક બળી ગયો છે ત્યારે હાલ મોડે મોડે વધારે વરસેલા વરસાદના કારણે ખેડૂતોના કપાસ સહિતના પાકને ભારે નુકસાન દેખાઇ રહ્યું છે ત્યારે તંત્ર દ્વારા તાત્કાલીક ખેડૂતોને પાક નુકસાનીનું વળતર ચુકવાય એવી ખેડૂતોની માંગ ઉઠી છે. સુરેન્દ્રનગર જિલ્લામાં આ વર્ષે ખેડૂતો ઉપર માઠી બેઠી હોય એમ કુદરતી ચક્ર ફરી રહયુ છે.ચોમાસાને શરૃ થયાને અઢી મહિના થવા છતાય વરસાદ ન થતા અનેક ખેડૂતોના લાખો રૃપીયાના પાક બળીને ખાખ થઇ ગયા હતા.ત્યાર બાદ સરકારની મુખ્યમંત્રી કિશાન શહાય યોજનાનો લાભ મળે એ માટે ખેડૂતોએ ૨૮ દિવસ સતત વરસાદ ન થવાના કારણે પાક નુકસાનીનો લાભ મેળવવા રેલી દ્વારા આવેદનપત્ર પણ પાઠવ્યુ હતુ.પરંતુ હજી સુધી જિલ્લાભરના ખેડૂતો પાકનુકસાનનીના સર્વેની મીટ માંડીને બેઠા છે.હજી એ પાક નુકસાનીનો સર્વે નથી થયો ત્યાં પીયત વિસ્તારમાં ઉગાડેલા ખેડૂતોના કપાસ સહિતના પાકમાં પાકના છેલ્લા તબકક્કામાં વરસાદ થતા કપાસ સહિતના પાકમાં ખેડૂતોને ભારે નુકસાન થયુ છે.જેથી આવા ખેડૂતોને પણ પાક નુકસાનીનું વળતર આપવાની ખેડૂતો માંગ કરી રહયા છે.સાથે ખેડૂતોને વરસાદ ન થવાના કારણે થયેલા પાક નુકસાનીનો સર્વે ન કરવાના કારણે હવે વરસાદ થયા બાદ ત્યાં વાવેતર કરે તો નુકસાનીનો સર્વે ના થાય અને અને વાવેતર ના કરે તો સીઝન નિષ્ફળ થાય આમ તંત્રની બેદરકારીના કારણે જિલ્લાભરના ખેડૂતોની હાલત કફોડી થઇ હોવાથી તાત્કાલીક ખેડૂતોના પાક નુકસાનીનો સર્વે કરવાની ખેડૂતોની માંગ ઉઠી છે. ચોમાસાને શરૃ થયાને અઢી માસ થવા છતાય સુરેન્દ્રનગર જિલ્લામાં વરસાદ ન થવાના કારણે અનેક ખેડૂતોએ નજીવા વરસાદ બાદ વધારે વરસાદ થવાની આશાએ વાવેલા પાક બળી ગયા હતા જેના કારણે મોટુ નુકસાન ભોગવવુ પડયુ છે.

## હેન્ડ ગ્રેનેડ બ્લાસ્ટ પ્રકરણ

# હેન્ડ ગ્રેનેડ ચાઈના કે પાકિસ્તાન બનાવટનો હોવાની શક્યતા થી ખળભળાટ

મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મઠવાસ

શામળાજી નજીક આવેલા ગોઢકુલ્લા ગામે થોડા દિવસો અગાઉ થયેલા ભેદી બ્લાસ્ટમાં એફએસએલ અને પોલીસ તપાસમાં લશ્કરમાં ઉપયોગમાં લેવાતો હેન્ડ ગ્રેનેડ હોવાનું બહાર આવ્યું હતું જીલ્લા પોલીસતંત્ર સહીત એન્ટી ટેરીરિસ્ટ સ્કવોડની ટીમે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

સેન્ટ્રલ આઈબી ની ટીમ,અમદાવાદ એટીએસ ટીમ સહીત જીલ્લા પોલીસતંત્રની વીવીધ ટિમોએ મૃતક યુવકના પરિવારજનો, સગા-સબંધી સહીત આજુબાજુના વિસ્તારના લોકોની સઘન પૂછપરછ હાથધરી હતી હાલ પોલીસતંત્ર અને વિવિધ એજન્સીઓ હેન્ડ ગ્રેનેડ ક્યાંથી આવ્યો તેની ઝીણવટભરી તપાસ હાથધરી છે ત્યારે શાહીબાગ આર્મી ખાતે હેન્ડ ગ્રેનેડના ફોટો મોકલ્યા પછી હેન્ડ ગ્રેનેડ ભારતીય બનાવટનો ન હોવાનું સૂત્રો પાસેથી પ્રાપ્ત થતા ભારે હડકંપ મચ્યો છે હેન્ડ ગ્રેનેડ બ્લાસ્ટમ યુવક અને તેની દોઢ વર્ષીય પુત્રી મોતને ભેટી હતી

આધારભૂત સૂત્રો પાસેથી પ્રાપ્ત માહીતી અનુસાર,અરવલ્લીના સુપ્રસિદ્ધ યાત્રાધામ શામળાજીમાં ગ્રેનેડ બ્લાસ્ટ મામલે મોટો ઘટસ્ફોટ થયો છે હેન્ડ ગ્રેનેડ લશ્કરમાં વપરાતો હોવાથી હેન્ડ ગ્રેનેડના ફોટા અમદાવાદ શાહીબાગમાં આવેલ આર્મી કેમ્પમાં મોકલી આપ્યા પછી હેન્ડ ગ્રેનેડ ભારતમાં નહિ બન્યો હોવાની ચર્ચા ચાલી રહી છે હેન્ડ ગ્રેનેડ ચાઈના કે પાકિસ્તાનની બનાવટનો હોવાની શક્યતા હોવાનું બહાર આવ્યું છે ત્યારે શામળાજી ગોઢફુલ્લા બ્લાસ્ટનું કનેક્શન સરહદ પાર સાથે જોડાયેલ હોવાની શક્યતા પ્રબળ બની છે ત્યારે ચાઈના કે પાકિસ્તાન બોર્ડર પરથી ગ્રેનેડ અહીં પહોંચ્યો કેવી રીતે તે મોટો પ્રશ્ન ઉપસ્થીત થયો છે જો કે હેન્ડ ગ્રેનેડ મામલે પોલીસ એજન્સી ફોરેન્સિક રિપોર્ટની રાહ જોઈ રહી છે

# પીઆઈ રજા પર હતો ત્યારે પીએસઆઈએ રેડ કરતા પીએસઆઈ સહિત રેડમાં સામીલ તમામની બદલી

અમદાવાદ, તા.૧૨

શહેરના પૂર્વ વિસ્તારમાં આવેલા ઓઢવ, વટવા જીઆઈડીસી અને રામોલના પીઆઈની થોડા સમય પહેલાં અમદાવાદ જિલ્લા બહાર બદલી થઈ છે. ત્યારથી આ ત્રણેય પોલીસ સ્ટેશનમાં ઈન્ચાર્જ પીઆઇ મૂકવામાં આવ્યા છે. જોકે, આ પોલીસ સ્ટેશનમાં પીઆઇ કોણ આવશે તેની ચર્ચા થવાના બદલે આ પોલીસ સ્ટેશનમાં 'ઉપે' નામનો વહીવટદાર કહે તે પીઆઇ આવશે તેવું તે જ વહીવટદાર પોલીસ વિભાગમાં બૂમરાણ મચાવી છે બીજી તરફ ત્રણેય પોલીસ સ્ટેશનનો વહીવટ જ 'ઉપે' જ કરશે તેવું પોલીસ બેડામાં ચર્ચાઈ રહ્યું છે. હાલમાં આ જ વહીવટદાર પૂર્વ વિસ્તારમાં હનુમાનજી મંદિર પાસે આવેલ એક ઉચ્ચ પોલીસ અધિકારીની કચેરીનો અને ચાર પોલીસ સ્ટેશનનો વહીવટ કરી રહ્યો હોવાનું ચર્ચાઈ રહ્યું છે. શહેરના પૂર્વમાં એક મોટું સ્ટેડિયમ આવેલું છે તેવા વિસ્તારના પોલીસ સ્ટેશનમાં પીઆઇ રજા ઉપર હતા ત્યારે તેમના પીએસઆઇએ દરોડો પાડીને દારૂનો કેસ કરી દીધો હતો. જોકે જેની સામે કેસ કરી દીધો હતો તેનું ભરણ પીઆઇ સુધી પહોંચતું હતું. આ અંગેની જાણ પીઆઇને તેમના વહીવટદારે કરતા પીઆઇ લાલચોળ થઇ ગયા હતા, જેના કારણે ँએ તાત્કાલિક અસરથી પીએસઆઇની અન્ય પોલીસ ચોકીમાં બદલી કરી નાખી હતી. તેમજ રેડમાં જેટલા કોન્સ્ટેબલ હતા તેમની પણ અલગ-અલગ જગ્યાએ બદલી કરી નાખી છે. જોકે કેસ કર્યા બાદ પણ પોલીસે તોડપાણી કરી હતી. આ બાબતે અંદરો-અદર વિવાદ થતાં ભડકેલા પીઆઈએ એક કોન્સ્ટેબલને તો ત્યાં સુધી કહી દીધું કે, જો બહુ મગજમારી કરીશ તો સસ્પેન્ડ કરી દઇશ, જેના કારણે આ પોલીસ સ્ટેશન હાલ વિવાદોમાં સપડાયું છે. બીજી તરફ આ પીઆઈને ઉચ્ચ અધિકારી સાથે પણ વાંધો પડયો હોવાનું પોલીસબેડામાં ચર્ચાયું છે. પોલીસ કમિશનરના ઘરથી એક કિલોમીટરના વિસ્તારમાં આવેલા એક પોલીસ સ્ટેશનનો કર્મચારી મધ્યપ્રદેશમાં કાળભૈરવ ખાતે દર્શન કરવા મિત્રો સાથે ગયો હતો. ત્યાંથી પરત ફ્રતા સમયે આ કર્મીએ ફૂલ દારૃ ઢીચ્યો હતો અને ગાડીમાં લવરીઓ કરતો હતો. સાથેસાથે દારૃની બે બોટલ પણ સાથે લઈ લીધી હતી. દાહોદ પોલીસે આ કર્મીની ગાડી ઊભી રાખીને તપાસ કરતા બે દારૃની બોટલ મળી આવી હતી. પોલીસ કર્મચારી દારૃના નશામાં હોવાથી દાહોદ પોલીસ સાથે જીભાજોડી કરવા લાગ્યો હતો. જોકે, પીધેલા પોલીસ કર્મીના અન્ય મિત્રોએ દાહોદ પોલીસની વિનંતી કરતા કોઈ કાર્યવાહી કરી ન હતી. અંતે દાહોદ પોલીસે બે બોટલ લઈને રૃ. ૫૦૦૦નો તોડ કર્યો હોવાની ચર્ચા પોલીસ બેડામાં થઈ રહી છે. શહેરના પોશ એરિયામાં આવેલ એક ટ્રાફિક પોલીસ સ્ટેશન અને ઉચ્ચ પોલીસ અધિકારીની કચેરીના પાર્કિંગ પ્લોટોમાં વોલિબોલનું ગ્રાઉન્ડ બનાવી દીધું છે, જેથી ત્યાં ફ્જ બજાવતા પોલીસ કર્મીઓ પોતાના વાહનો પાર્કિંગ પ્લોટમાં નહિ પણ રોડ પર પાર્ક કરે છે. જોકે, ત્યાં જ ૫૦ મીટર દૂર કોઈ વ્યકિત રોડ પર પાર્ક કરે તો પોલીસ ટો કરીને તોતિંગ દંડ ફ્ટકારતી હોય છે, પરંતુ આ ટ્રાફિક પોલીસકર્મીના વાહનો ટો કરતા ન હોવાથી સ્થાનિકોમાં રોષ જોવા મળ્યો છે. જો કે, આ વોલિબોલ ગ્રાઉન્ડ બનાવવા ટ્રાફિકના એક પોલીસ અધિકારીએ એક વેપારીને વર્દી આપી હોવાનું પણ પોલીસ બેડામાં ચર્ચાઈ રહ્યું છે.

# વડોદરામાં વુડા દ્વારા ૨૦૩૧ સુધીનો ડેવલોપમેન્ટ પ્લાન તૈયાર

વડોદરા , તા.૧૨

વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા આગામી વડોદરામાં એક દાયકા એટકે કે વુડાના ૨૦૩૧ ડેવલપમેન્ટ પ્લાનમાં ૭૬ જેટલા રિવર કેનાલ બ્રિજની જોગવાઈનું સૂચન કરવામાં આવ્યું છે અને તેની પાછળ રૂ.૮૩૯૦ લાખનો ખર્ચ કરવાનું પ્રાવધાન કરવામાં આવ્યું છે. જેમાં સમાથી હરણીને જોડતા રોડ પર વિશ્વામિત્રી નદી પર રિવર બ્રિજ બનાવી દેવામાં આવ્યો છે. મહત્વના સૂચિત રિવર બ્રિજ અને કેનાલ બ્રિજની માહિતી નીચે મુજબ છ ગેંડા સર્કલથી શરૂ થતા આ ફલાય ઓવરમાં વડીવાડી, રેસકોર્સ, અલકાપુરી, ચકલી સર્કલ, શિવમહલ, રોકસ્ટાર, દિવાળીપુરા તરફ ઉતાર અને ચઢાવ માટે ૫૦ મીટર પહેલા સ્લોપ આપવામાં આવ્યો છે. સ્માર્ટ સિટી વડોદરા આગામી દાયકામાં મેટ્રો સિટીનું બિરુદ મેળવે તો નવાઈ નહીં. શાંત શહેરોમાં ગણના ધરાવતા વડોદરામાં આગામી એક દાયકામાં વિકાસ હરણફાળ ભરશે તે નક્કી છે અને તેમાં પણ વડોદરા મુંબઈ સુપરફાસ્ટ રેલવે શરૂ થયા બાદ ન્યૂ વડોદરામાં રહેવા માટે લોકો અન્ય શહેરોમાંથી મોટી સંખ્યામાં આવે તેવું મનાઈ રહ્યું છે. દસ વર્ષ પહેલાં એવી સ્થિતિ હતી કે શહેરના પૂર્વ વિસ્તારમાં આજવાથી આગળ કોઈ જવા તૈયાર ન હતું પણ આજે એ સ્થિતિ બદલાઈ છે અને ઠેઠ વાઘોડિયા નગર સુધી જુદી જુદી સ્કીમ મકાનો માટે મૂકાઈ ગઈ છે. શહેરમાં મળતા ફ્લેટની કિંમતમાં આ વિસ્તારોમાં ટેનામેન્ટ અને ડુપ્લેક્સ મળી રહ્યા છે. તેવી જ રીતે પશ્ચિમ વિસ્તારમાં છેવાડાનો વિસ્તાર ગોત્રી, અટલાદરા હતો તેના બદલે ભાયલી, બીલ, શેરખી, સેવાસી સૌથી મોંઘા વિસ્તારો તરીકે ડગ માંડી રહ્યા છે. અત્યાર સુધી શહેરના પશ્ચિમ વિસ્તાર એટલે જે પી રોડ અલકાપુરી અને અકોટા કહેવાતા હતા પણ હવે આ બિરુદ વાસણા-ભાયલી અને ભાયલી-સેવાસી લઈ લેશે. શહેરના પૂર્વ વિસ્તારમાં હવે હાઈવેના સીમાડા માત્ર નામના રહેશે અને આગામી એક દાયકામાં ખટંબા, આમોદરથી લઈ વાઘોડિયા વડોદરા સાથે સીધો નાતો ધરાવતા હશે અને ન્યૂ વડોદરા તરીકે આગવી ઓળખ ધરાવશે. તેવી જ રીતે, શહેરથી હાલમાં ૧૫ કિલોમીટર દૂર આવેલા પાદરા સુધી રોડની બંને બાજુ રિયલ એસ્ટેટ મોટા પ્રમાણમાં વિકાસ પામશે અને તેની હદની ફલક પણ ત્યાં સુધી વિસ્તરશે. 'આ સિવાય, ઉત્તરમાં છાણી ગામ સુધીની ભલે હદ હોય પણ વિકાસ દશરથ ગામ સુધી તો દક્ષિણમાં જાબુંવાની પેલે પાર સુંદરપુરા, પોર, વરણામા નવા વડોદરાની ઓળખ બનશે. ખાસ કરીને, સ્ટેચ્યુ ઓફ યુનિટી બાદ ડભોઈની ખાસ ઓળખ ઉભી થઇ છે અને મોટી સંખ્યામાં સહેલાણીઓ આવતા ત્યાં પણ મોટાપાયે જમીનોમાં રોકાણ થઈ રહ્યું છે અને તે જોતા વડોદરા ડભોઇ વચ્ચેનું અંતર માત્ર સરકારી ફાઈલ પૂરતું જ રહે તો નવાઈ નહિ. લાંબાગાળાના એટલે કે આજથી ૩૦ વર્ષ પછીના આયોજનના ભાગરૂપે મેટ્રો ટ્રેન સેવા પણ ચાલુ કરી શકાય. તે અંગેનું આગોતરું આયોજન થવું જરૂરી છે. હાલમાં પાલિકાની હદની પાયાની સમસ્યાના ઉકેલ માટે ચાર ઝોન અને ૧૨ વોર્ડ કાર્યરત છે. પરંતુ સાત નવા ગામો આવ્યા બાદ પાંચમો ઝોન બનાવવો પડશે તે નક્કી છે.એટલું જ નહીં, આગામી ૫થી ૧૦ વર્ષમાં પાલિકાએ ૬થી વધુ ઝોન બનાવવા પડશે અને ઈલેક્શન વૉર્ડ મુજબ વહીવટી વૉર્ડ બનાવવા પડશે અને તે જોતા ૧૯ વહીવટી વૉર્ડ ઓછામાં ઓછા બનાવવામાં આવશે.

એક સમયે ભારતના સર્વશ્રેષ્ઠ શહેરમાં ખ્યાતિ મેળવેલું સર સયાજીરાવ ગાયકવાડનું વડોદરા આજે વિકાસની દોડમાં બહુ પાછળ પડી ગયું છે. છેલ્લા વીસ વર્ષથી વડોદરા પાસે દીર્ઘદ્રષ્ટિભર્યા નેતૃત્વનો અભાવ આંખે ઉડીને દેખાઈ આવે છે. પબ્લિક ટ્રાન્સપોર્ટ શહેર માટે સૌથી અગત્યનું પરિબળ છે તેનો જ અભાવ શહેરમાં છે. પાર્કિંગ માટેનું કોઈ વિઝનરી આયોજન દ્રષ્ટિગોચર થઈ રહ્યું નથી. જાહેર આરોગ્ય માટે વડોદરા મહાનગરપાલિકા પાસે પોતાની સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલ નથી. ગાયકવાડ શાસન દરમિયાન તળાવોથી સુશોભિત વડોદરા આજે એ જ તળાવોની દુર્ગંધ અને ગંદકીથી ખદબદે છે. શહેર ફરીથી ગાયકવાડ શાસન સમયની રોનક પરત મેળવશે. શહેરની સાથે ૩૦ કિ.મી.ના પરિઘમાં પણ શહેર જેવી જ તમામ સુવિધાઓ સાથે આયોજન કરવું હવે અનિવાર્ય થઈ ગયું છે. દીઘર્દ્રષ્ટિભર્યું આયોજન થશે તો આવનારા દાયકામાં ફરી વખત દેશનું સર્વશ્રેષ્ઠ શહેર બની શકે છે. શહેર નજીકના મુખ્ય નગરો વડોદરાની હદમાં આવી જશે ત્યારે તેની આરોગ્યની સવલત પર વિશેષ ભાર મૂકવામાં આવશે.હાલમાં પાલિકાના ૩૪ આરોગ્ય કેન્દ્ર છે ત્યારે આગામી બે દાયકામાં ૮૦થી વધુ આરોગ્ય કેન્દ્રો બનાવવા પડશે. એટલું જ નહીં, સયાજી હોસ્પિટલ, ગોત્રી હોસ્પિટલ જેવી હોસ્પિટલ ન્યુ વડોદરામાં બનાવવી પડશે.

# મોડાસા : બ્લેન્ડર પ્રાઈડ જેવી મોંઘીદાટ ૧૦ બોટલ સાથે પલ્સર બાઈક પર દારૂની ખેપ મારતા બે બુટલેગર ઝડપાયા



મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મઠવાસ

અરવલ્લી પોલીસતંત્ર જીલ્લાના માર્ગો પરથી થતી વિદેશી દારૂની હેરાફેરી અટકાવવા સતત દોડાદોડી કરી બુટલેગરોના મનસૂબા પર પાણી ફેરવી રહી છે મોડાસા ટાઉન પોલીસ સ્ટેશન વિસ્તારમાં દેશી-વિદેશી દારૂનો વેપલો અને હેરાફેરી અટકાવવા સઘન પેટ્રોલીંગ હાથધરી મોડાસા-ધનસુરા બાયપાસ રોડ પર પલ્સર બાઈકમાં મોંઘીદાટ દારૂની ૧૦ બોટલની ખેપ મારી રહેલા બે બુટલેગરોને દબોચી લઈ બંને બુટલેગરો સામે કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી

મોડાસા ટાઉન પીઆઈ નિતીમીકા ગોહીલ અને તેમની ટીમે ટાઉન પોલીસ સ્ટેશન વિસ્તારમાં પ્રોહીબીશન ડ્રાઈવ અંતર્ગત પેટ્રોલીંગ હાથધરતા બે રાજસ્થાની યુવકો વિદેશી દારૂની પલ્સર બાઈક પર ખેપ મારી રહ્યા હોવાની બાતમી મળતા ટાઉન પોલીસે મોડાસા-ધનસુરા બાયપાસ રોડ પર આવેલ આગમન સોસાયટી નજીક વોચ ગોઠવી બાતમી આધારીત પલ્સર બાઈક પસાર થતા અટકાવી તેમની પાસે રહેલા થેલામાં ચેક કરતા બ્લેન્ડર પ્રાઈડ, રેડ લેબલ સહીત મોંઘા શરાબની ૧૦ બોટલ કીં.રૂ.૧૫૩૦૦/-નો જથ્થો જપ્ત કરી રાજસ્થાનના પીઠ નજીક આવેલા નયાગાવ બલ્લુ કણબાના ૧)પંકજ દિનેશ લબાના અને ૨) અરવિંદ યોગેશ લબાનાને દબોચી લઈ વિદેશી દારૂ,બાઈક મળી રૂ.૬૫ હજારથી વધુનો મુદ્દામાલ જપ્ત કરી બંને બુટલેગરો સામે પ્રોહિબીશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી જેલના સળિયા પાછળ ધકેલી દીધા હતા

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.